# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૮/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર અને તબીબો એકબીજાના સેતુ બને તો લોકો તથા કારીગરોના સારા આરોગ્ય માટે ઘણું સારું કામ કરી ભવિષ્યમાં આવનારી વેવ સામે પણ લડી શકાશે : તબીબો

## ચેમ્બર દ્વારા સુરત સહિત દક્ષિણ ગુજરાતના તબીબોનું સન્માન કરાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે રવિવાર, તા. ૪ જુલાઈ, ૨૦૨૧ના રોજ સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે પ્લેટીનમ હોલમાં એવોર્ડ સમારોહ યોજાયો હતો. લોકોના આરોગ્યની સંભાળ રાખી આજિવન સેવા કરનારા તેમજ કોરોના કાળમાં લોકોનો જીવ બચાવનારા સુરતના જાણીતા તબીબોને આ સમારોહમાં એવોર્ડ આપી તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં લોકોને કોરોનાથી બચાવવા માટે ડોકટરોની કામગીરી સરાહનીય છે. ડોકટરોએ પોતાની તથા પરિવારજનોની ચિંતા કર્યા વગર ૨૪ કલાકમાંથી ૧૮થી ૧૯ કલાક સુધી રાઉન્ડ ધ કલોક વિઝીટ કરીને લોકોને કોરોનાથી બચાવ્યા છે. કોરોનાની સેકન્ડ વેવમાં ડોકટરોએ ચોકકસ ગાઇડલાઇન બનાવી લોકોની કોરોનાથી રક્ષા કરી છે. આથી ચેમ્બર દ્વારા ડોકટરોનું સન્માન કરવાનું નકકી કરવામાં આવ્યું હતું.

ડો. પારૂલ વડગામાએ જણાવ્યું હતું કે, ચેમ્બરે સિવિલ હોસ્પિટલને લાખોના મેડીકલ ઇન્સ્ટ્રુમેન્ટ આપ્યા હતા તે માટે સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ અને ડીને આભાર વ્યકત કર્યો છે. ચેમ્બર દ્વારા સિવિલ હોસ્પિટલમાં તબીબો, નર્સિંગ સ્ટાફ અને ચોથા વર્ગના કર્મચારીઓ માટે દોઢ મહિના સુધી દિવસમાં ત્રણ વખત ગરમ નાસ્તાની પણ વ્યવસ્થા કરાઇ હતી.

ડો. જયેન્દ્ર કાપડીયાએ જણાવ્યું હતું કે, તબીબી સમાજ અને ચેમ્બર એકબીજાના સેતુ બને તો સમાજ માટે અનેક સેવાકીય પ્રવૃત્તિઓ સહજતાથી, સરળતાથી અને ખંતપૂર્વક કરી શકાશે. ઇન્ડિયન મેડીકલ એસોસીએશન સાથે ચેમ્બર સુમેળ સાધે તો સુરત માટે જ નહી પણ સમગ્ર ગુજરાત રાજ્ય માટે ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરુ પાડી શકે છે.

ડો. ગિરીશ શાહે જણાવ્યું હતું કે, ચેમ્બરની સાથે ઘણી બધી ઇન્ડસ્ટ્રી સંકળાયેલી છે. લોકો તથા કારીગરોના સારા આરોગ્ય માટે ચેમ્બર અને તબીબો સાથે મળીને ઘણું સારું કામ કરી શકે છે અને ભવિષ્યમાં પણ આવનારી વેવની સામે લડી શકાશે.

સુરતના માજી ડેપ્યુટી મેયર ડો. કિશોર લાખાણીએ જણાવ્યું હતું કે, તબીબોની સેવાકીય પ્રવૃત્તિને હૃદયથી બિરદાવવાની કામગીરી ચેમ્બરે કરી છે તે માટે આભાર વ્યકત કરું છું. સુરત સંગઠનની શકિત છે અને ચેમ્બર જેવી અગ્રણી સંસ્થા ઉદ્યોગપતિઓ જ નહી પણ સમાજના દરેક વર્ગના લોકોને સાથે લઇને ચાલે છે તે આવકારદાયક છે.

મેડીકલ ક્ષેત્રે ૩૦થી વધુ વર્ષોથી સેવા આપનારા ડો. પ્રદિપ કે. દેસાઇ, ડો. શૈલેન્દ્ર બાજપાઇ, ડો. કિરીટ જી. નાયક, ડો. વિકાસ દેસાઇ, ડો. કલ્પના દેસાઇ, ડો. માલતી શાહ, ડો. મધુકર પરીખ, ડો. મુકુર પેટ્રોલવાળા, ડો. બંકિમ દેસાઇ, ડો. વિનોદ શાહ, ડો. નિર્મલ ચોરારિયા, ડો. ગિરીશ એચ. શાહ, ડો. પૂર્ણિમા નાડકર્ણી, ડો. જયેશ શાહ, ડો. પ્રફુલ છાસટીયા, ડો જયંતિ ડી. દેસાઇ, ડો. પ્રકાશ ભટ્ટ, ડો. પ્રદિપ પેઠે, ડો. રાજીવરાય ચૌધરી, ડો. અનિલ પટેલ, ડો. વિનોદ સી. શાહ, ડો. ફરીદા વાડિયા, ડો. પ્રશાંત દેસાઇ, ડો. ઘનશ્યામ પટેલ, ડો. આરતી મહેતા, ડો. જયેન્દ્ર કાપડીયા, ડો. પ્રફુલ શિરોયા, ડો. મુકેશ જગીવાલા, ડો. સંજિવ શાહ, ડો. દયાનિધી દેસાઇને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સ્વર્ગીય ડો. અશોક કાપસેએ મેડીકલ ક્ષેત્રે આપેલા પ્રદાન માટે તેઓને હંમેશા યાદ કરવામાં આવશે ત્યારે ચેમ્બર દ્વારા તેઓના પ્રદાનને બિરદાવવા માટે તેઓને પણ એવોર્ડ આપવામાં આવ્યો હતો અને તેમના વતિ એવોર્ડ સ્વીકારનારા તેમના પરિવારજનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

મેડીકલ ફ્રેટર્નિટીમાં એકસ્ટ્રા ઓર્ડિનરી સેવા આપનારા ડો. સમીર ગામી, ડો. કે.સી. જૈન, ડો. અશ્વિન વસાવા, ડો. નેહલ પટેલ, ડો. રાજિવ મહેતા, ડો. દિપ્તી પટેલ, ડો. ભાવિન પટેલ, ડો. સંકેત મહેતા, ડો. અલ્પેશ પરમારનું સન્માન કરવામાં આવ્યું હતું.

મેડીકલ ક્ષેત્રે પ્રદાન આપી રહેલા ડો. આરૂલ શુકલ, ડો. અશ્વિન કે. વાઘાણી, ડો. ચેતન વી. વાઘાણી, ડો. ચિરાગ છટવાણી, ડો. ધિરેન સી. પટેલ, ડો. ગોરધન આર. કોશિયા, ડો. જગદીશ સખીયા, ડો. જયેન્દ્ર કોસંબિયા, ડો. જયેશ ઠકકર, ડો. કે.એન. શેલડીયા, ડો. કિશોર લાખાણી, ડો. લતિકા શાહ, ડો. પ્રિતિ કાપડીયા, ડો. નિરજ શાહ, ડો. પરેશ કાકડીયા, ડો. પાર્થિવ દેસાઇ, ડો. પ્રતિક સાવજ, ડો. રાજેન આર.

પટેલ, ડો. રાજેશ બી. પ્રજાપતિ, ડો. શૈલેષ ભાયાની, ડો. શિવ નારાયણ કાલિયા, ડો. સોનિયા આર. ચંદાની, ડો. તૃપ્તિ ડી. દેસાઇ, ડો. નીતા ખંડેલવાલ, ડો. રોશની એન. પીઠાવાળા, ડો. શિવાની ભાવિન જરીવાળા, ડો. અતુલકુમાર સી. પટેલ, ડો. અમિ એચ. મહેતા, ડો. પ્રિયંકા શાહ, ડો. જગદીશ એમ. વઘાસિયા, ડો. નિકુંજ વિઠ્ઠલાની, ડો. શૈલેષ ચોટાલા, ડો. મનિષ સૈની, ડો. આફરીન જસાની, ડો. હરેશ પાઘડા, ડો. હરીશ ચૌહાણ, ડો. નિશ્ચલ ચોવટીયા, ડો. નિરવ ગોંડલિયા, ડો. ચંદ્રકાંત ઘેવરીયા, ડો. શિવમ પારેખ, ડો. પૂર્ણેશ ઢાકેચા, ડો. ગૌરાંગ પટેલ, ડો. સંદીપ પટેલ, ડો. અલ્પા ઠાકર, ડો. ગૌરાંગ આર. મહેતા અને વૈદરત્નમ સંદીપ સી. પટેલને એવોર્ડ આપીને તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રાઈવેટ, ગવર્નમેન્ટ, સેમી ગવર્નમેન્ટ, ચેરીટેબલ ટ્રસ્ટ અને તે સિવાયના ફિલ્ડ સાથે સંકળાયેલા તબીબોને આ સન્માનના અધિકારી ગણવામાં આવ્યા હતા. પર્સનલ કલીનિક, સ્પેશ્યાલીટી હોસ્પિટલ, નર્સિંગ હોમ, મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ આમ વિવિધ કેટેગરીઓમાં આ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. મેડીકલ એજ્યુકેશન ક્ષેત્રમાં પ્રદાન, સમાજ સેવા ક્ષેત્રે આપેલું યોગદાન, સમગ્ર કારકિર્દી દરમ્યાન મેળવેલા એવોર્ડ્સ અને એપ્રિસીએશન તેમજ ટ્રેઈનીંગ ક્ષેત્રે કરેલું પ્રદાન ધ્યાનમાં લેવામાં આવ્યું હતું.

આ સન્માન સમારોહનું સમગ્ર સંચાલન ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસી, ડો. પારૂલ વડગામા, ડો. મુકુલ ચોકસી અને ડો. ધનેશ વૈદ્યએ કર્યું હતું. સમારોહના અંતે ચેમ્બરના ઇલેકટ પ્રેસિડેન્ટ આશિષ ગુજરાતીએ સર્વેનો આભાર માની સમારોહનું સમાપન કર્યું હતું.